અનુસંધાન ... પાના પહેલાનું

નરવણેના પુસ્તકમાંના...

સેનાની નોર્ધન કમાન્ડના ચીફ લેફ્ટનન્ટ જનરલ યોગેશ જોશીને ફોન પર માહિતી મળી કે ચીની પાયદળના ટેકા સાથે ચાર ચીની ટેન્કો પૂર્વી લદ્દાખમાં રેચિન લા તરફ જતી એક સીધી પહાડી કેડી પર આગળ વધી રહી છે.

રાત્રે 8.15 થી 8.30 વચ્ચે: લેફ્ટનન્ટ જનરલ યોગેશ જોશીએ પરિસ્થિતિની ગંભીરતાને જોતા તરત જ સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવણેને જાણ કરી. ચીની ટેન્કો કૈલાશ રેન્જ પર ભારતીય ચોકીઓથી માત્ર થોડાક સો મીટર દૂર હતી. ત્યારબાદ ભારતીય સૈનિકોએ ચેતવણીના ભાગરૂપે એક પ્રકાશ ફેંકતો ગોળો છોડ્યો, પરંતુ તેની ચીની ટેન્કો પર કોઈ અસર થઈ નહીં અને તેઓ આગળ વધતા રહ્યા.

રાત્રે 8.30 પછી: સેના પ્રમુખ નરવણેએ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત અને વિદેશ મંત્રી એસ. જયશંકરનો સંપર્ક કરીને સ્પષ્ટ નિર્દેશો માંગ્યા.

રાત્રે 9.10 વાગ્યે: લેફ્ટનન્ટ જનરલ યોગેશ જોશીએ ફરી ફોન કર્યો. તેમણે જણાવ્યું કે ચીની ટેન્કો હવે ઘાટથી એક કિલોમીટર કરતા પણ ઓછા અંતરે છે.

રાત્રે 9.25 વાગ્યે: સેના પ્રમુખ નરવણેએ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને ફરી ફોન કરીને સ્પષ્ટ નિર્દેશ માંગ્યા, પરંતુ કોઈ નિર્ણય મળ્યો નહીં. આ દરમિયાન PLA કમાન્ડર મેજર જનરલ લિયુ લિનનો સંદેશ આવ્યો, જેમાં તણાવ ઓછો કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો–બંને પક્ષો આગળની ગતિવિધિઓ રોકે અને બીજા દિવસે સવારે 9.30 વાગ્યે સ્થાનિક કમાન્ડરોની બેઠક યોજાય.

રાત્રે 10.00 વાગ્યે: નરવણેએ ચીની કમાન્ડરનો આ પ્રસ્તાવ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને NSA અજિત ડોભાલ સુધી પહોંચાડ્યો.

રાત્રે 10.10 વાગ્યે: નોર્ધન કમાન્ડ તરફથી ફરી માહિતી મળી કે ચીની ટેન્કો રોકાઈ નથી અને હવે તે ટોચથી માત્ર 500 મીટર દૂર છે. જોશીએ જણાવ્યું કે તેમને રોકવાનો એકમાત્ર રસ્તો મીડિયમ આર્ટિલરીથી ફાયરિંગ કરવાનો છે.

રાત્રે 10.10 થી 10.30 વચ્ચે: સેના મુખ્યાલયમાં વિકલ્પો પર ચર્ચા થતી રહી. આખું નોર્ધન ફ્રન્ટ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું.

રાત્રે 10.30 વાગ્યે: સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વળતો ફોન કર્યો અને જણાવ્યું કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી છે. વડાપ્રધાનનો નિર્દેશ માત્ર એક વાક્યમાં હતો - જે યોગ્ય લાગે તે કરો. નરવણેએ કહ્યું, 'આ સંપૂર્ણપણે એક સૈન્ય નિર્ણય રહેવાનો હતો. મોદીની સલાહ લેવામાં આવી હતી. તેમને બ્રીફ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમણે નિર્ણય લેવાની ના પાડી દીધી હતી. હવે પૂરી જવાબદારી મારા પર હતી.'

મોદીએ ટ્રમ્પનો...

સૌથી મોટી લોકશાહીઓ સાથે મળીને કામ કરે છે, ત્યારે તેનાથી આપણા લોકોને ફાયદો થાય છે અને પરસ્પર સહયોગ માટે અપાર તકો ખુલે છે. વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નેતૃત્વ અત્યંત મહત્વનું છે. ભારત શાંતિ માટેના તેમના પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપે છે. તેમણે ઉમેર્યું હતું કે, હું અમારી ભાગીદારીને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જવા માટે તેમની સાથે નજીકથી કામ કરવા આતુર છું.

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં...

આ ઘટના ખાસ એટલા માટે ચિંતાજનક છે કારણ કે જુલાઈ 2025માં અમદાવાદમાં થયેલા એર ઈન્ડિયા ડ્રીમલાઈનર ક્રેશમાં પણ આવી જ ખામી સામે આવી હતી, જેમાં 260 લોકોનાં મોત થયાં હતાં. તે અકસ્માતના પ્રાથમિક રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે ટેકઓફની થોડી સેકન્ડો બાદ બંને એન્જિનની ફ્યુઅલ સ્વીચો એક પછી એક 'રન'માંથી 'કટઓફ' થઈ ગઈ હતી, જેના કારણે એન્જિનનો પાવર જતો રહ્યો હતો. કોકપિટ વોઈસ રેકોર્ડરમાં એક પાયલોટ બીજાને પૂછતો સંભળાયો હતો કે તેણે ઈંધણ કેમ બંધ કર્યું, જેના જવાબમાં બીજા પાયલોટે પોતે આવું ન કર્યું હોવાનું જણાવ્યું હતું.

રાહુલ ગાંધી:...

નરવણે ના સંસ્મરણો હોવાનું જણાવીને તેમાંથી 2020 ના ભારત-ચીન સંઘર્ષ વિશે ટાંકવાનું શરૂ કર્યું. જો કે, સંરક્ષણ મંત્રી સિંહ અને ગૃહમંત્રી અમિત શાહે આનો જોરદાર વિરોધ કર્યો હતો અને ગાંધીને સ્પષ્ટતા કરવા કહ્યું હતું કે પુસ્તક પ્રકાશિત થયું છે કે નહીં. આ હંગામો લગભગ 50 મિનિટ સુધી ચાલ્યો હતો.

રાહુલ ગાંધી: 56ની છાતીનું શું થયું એ દેશને જાણવાનો અધિકાર

સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું, "સરકાર ડરેલી છે કારણ કે આ પુસ્તકની બે-ત્રણ લાઈનો સત્ય બહાર લાવી દેશે. આ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે અને દેશને જાણવાનો અધિકાર છે કે ચીન સામે 56 ઈંચની છાતીનું શું થયું?"

જેના અંગે વિવાદ...

નરવણેએ લખી છે. 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' નામનું આ પુસ્તક હજુ સુધી માર્કેટમાં આવ્યું નથી. જો કે, તેનું હાર્ડકવર એપ્રિલ 2024થી ઓનલાઇન શોપિંગ સાઇટ્સ પર ઉપલબ્ધ છે.

ભારત-અમેરિકા...

6 ઓગસ્ટ 2025: રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે અમેરિકાએ ભારત પર 25% એક્સ્ટ્રા ટેરિફ લાદવાની જાહેરાત કરી.

27 ઓગસ્ટ 2025: ભારત પર 25% એક્સ્ટ્રા ટેરિફ લાગુ થયો, જેનાથી કુલ ટેરિફ 50% પર પહોંચ્યો.

2 ફેબ્રુઆરી 2026: અમેરિકાએ ભારત પરનો રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને 18% કર્યો, (કુલ ટેરિફ 43%?)

કોંગ્રેસનો કટાક્ષ:...

ગણાવ્યું હતું. તેમણે કટાક્ષમાં કહ્યું કે, દિલ્હીને બદલે વોશિંગ્ટનથી જ બધી જાહેરાતો થઈ રહી છે અને આ કોઈ 'ફાઇર ઓફ ઓલ ડીલ્સ' નથી. રમેશે એક્સ પર લખ્યું કે, 'મોગેમ્બો ખુશ હૈ!' કારણ કે ભારત સરકારના નિર્ણયોની જાણકારી હવે માત્ર ટ્રમ્પ કે તેમના દૂતો દ્વારા જ મળે છે, જેને તેમણે 'ટ્રમ્પ-નિર્ભરતા' ગણાવી હતી. અગાઉ ભારત-ઈયુ કરારને 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવાયો હતો, જેની સરખામણીએ કોંગ્રેસે આ સોદાને નબળો ગણાવ્યો છે.

વેપાર કરાર છતાં...

25 ટકા કે તેથી વધુ ઊંચો ટેરિફ લાગુ રહેશે. એક સમાચાર સંસ્થાના વિશ્લેષણ મુજબ, આશરે 8.3 અબજ ડોલરની નિકાસ પર કરારની કોઈ રાહત મળશે નહીં. જોકે નવા કરાર હેઠળ પરસ્પર ટેરિફ ઘટાડીને 18 ટકા કરવામાં આવ્યા છે, પરંતુ અમેરિકાના 'ટ્રેડ એક્સપાન્શન એક્ટ ઓફ 1962' ની કલમ 232 હેઠળ લાદવામાં આવેલી ડ્યૂટી યથાવત રહેશે.

ચાંદીમાં ત્રણ દિવસમાં...

૩૦,૩૦૦ અથવા લગભગ ૧૭ ટકા જેટલું તૂટ્યું છે. મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના કોમોડિટી એનાલિસ્ટ માનવ મોદીએ જણાવ્યું હતું કે, પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ વાટાઘાટો અને અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ ઓછો થતા અમેરિકી ડોલર મજબૂત થયો છે, જેના કારણે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે.

ભારત-અમેરિકા...

સાથે ટેલિફોનિક વાતચીત બાદ આ જાણકારી આપી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત અમેરિકા વિરુદ્ધ ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો ઘટાડીને શૂન્ય કરવા તરફ આગળ વધશે. ભારત તરફથી આ અંગે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

બદ્રીનાથ અને કેદારનાથના દરવાજા મુસ્લિમો અને ખ્રિસ્તીઓ માટે બંધ થઈ જશે?



ભાજપના રાજમાં ધાર્મિક કટ્ટરતા વધી રહી છે, તેમ સર્વધર્મ સમભાવની ભાવના હવામાં ઓગળી રહી છે. ઉત્તરાખંડના કેદારનાથ અને બદ્રીનાથ સહિત ૪૭ મંદિરોમાં બિનહિંદુઓને પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ રજૂ કરવાની ચર્ચા ચાલી રહી છે. ઉત્તરાખંડના મુખ્ય મંત્રી પુષ્કરસિંહ ધામી કહે છે કે ધાર્મિક અને પૌરાણિક સ્થળો ચલાવતાં ધાર્મિક સંગઠનો અને સંત સમાજ જે પણ અભિપ્રાય આપશે તે મુજબ સરકાર આગળ વધશે. બદ્રી-કેદાર મંદિર સમિતિના પ્રમુખ હેમંત દ્વિવેદી કહે છે કે ઘણા સમયથી માગણી કરવામાં આવી રહી હતી કે તમામ મંદિરોમાં બિનહિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવે. જમીન જેહાદ અને ગેરકાયદેસર મંદિરો ધરાવતાં લોકો જેવા તમામ પ્રકારનાં અસામાજિક તત્ત્વોએ અહીં વાતાવરણ અને પર્યાવરણ બગાડવાનો પ્રયાસ કર્યો છે. ગંગોત્રી અને યમુનોત્રી મંદિર સમિતિઓએ આ નિયમ લાગુ કરી દીધો છે. આ પ્રતિબંધ શીખ કે જૈન ધર્મનાં લોકો માટે નથી. મુખ્ય મંત્રી પુષ્કરસિંહ ધામીના મતે આ સ્થળો ખૂબ જ પૌરાણિક મહત્ત્વ ધરાવે છે અને તેમના સંચાલનને નિયંત્રિત કરતા કાયદાઓ અસ્તિત્વમાં છે. આ પ્રસ્તાવનો ઉલ્લેખિત હેતુ ઉત્તરાખંડનાં મુખ્ય યાત્રાધામોની ધાર્મિક પરંપરાઓ, સાંસ્કૃતિક પ્રથાઓ અને આધ્યાત્મિક વાતાવરણનું રક્ષણ કરવાનો છે. મંદિરના અધિકારીઓની દલીલ છે કે કેદારનાથ અને બદ્રીનાથ માત્ર પર્યટન સ્થળો જ નથી પરંતુ ખૂબ જ પવિત્ર સ્થળો પણ છે. પ્રવેશ પ્રતિબંધોની ચર્ચા કરવા ઉપરાંત, સમિતિએ ૨૦૨૬ની યાત્રા સિઝન દરમિયાન મંદિર પરિસરમાં મોબાઇલ ફોન અને કેમેરા પર સંપૂર્ણ પ્રતિબંધ પણ લાદ્યો છે. ભક્તો માટે કડક નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ, નાગરિક અધિકાર સંગઠનો અને મુસ્લિમ સંગઠનો સહિત ઘણા વિપક્ષોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો છે. તેમનો આરોપ છે કે આ ભાજપ દ્વારા લઘુમતી સમુદાય વિરુદ્ધ ચલાવવામાં આવેલા વ્યાપક અભિયાનનો એક ભાગ છે.

બદ્રીનાથમાં કોમી તણાવની ઘટનાઓ વધી રહી છે. બે વર્ષ પહેલાં બકરી ઇદ પર લઘુમતી સમુદાયના સભ્યો, જેમાં મોટા ભાગે બાંધકામ કામદારોનો સમાવેશ થાય છે, તેમણે એક ઇમારતની અંદર ગુપ્ત રીતે નમાઝ અદા કર્યા બાદ બદ્રીનાથમાં તણાવ ફાટી નીકળ્યો હતો. તે પછીના વર્ષે પોલીસે બદ્રીનાથનાં મુસ્લિમોને મંદિર નગરીથી લગભગ ૪૦ કિ.મી. દૂર જોશીમઠમાં બકરી ઇદ (ઈદ અલ-અદ્યા) ઉજવવા જણાવ્યું છે. બદ્રીશ પાંડા પંચાયતના પ્રમુખ પ્રવીણ ધ્યાનીએ જણાવ્યું હતું કે બદ્રીનાથ પોલીસ સ્ટેશનમાં યોજાયેલી બેઠકમાં તમામ સમુદાયનાં લોકો સંમત થયાં હતાં. મુસ્લિમ સમુદાય બદ્રીનાથમાં બકરી ઇદની નમાઝ ન અદા કરવા સંમત થયો હતો અને તેમણે ખાતરી આપી હતી કે તેઓ આ પ્રસંગની ઉજવણી કરવા માટે જોશીમઠ જશે.

સહારનપુરમાં દારુલ ઉલૂમ નિસ્વાના કુલપતિ મુફ્તી અબ્દુલ લતીફે કહ્યું કે બદ્રીનાથ બદરુદ્દીન શાહનું પૂજા સ્થળ છે. તે એક મુસ્લિમ ધાર્મિક સ્થળ છે. હિન્દુઓએ તેને મુસ્લિમોને સોંપી દેવું જોઈએ. હકીકતમાં, મુફ્તી અબ્દુલ લતીફને ખબર પડી કે ઉત્તરાખંડ રક્ષા અભિયાન દળ નામનું એક સંગઠન બદ્રીનાથની આસપાસ એક અભિયાન ચલાવી રહ્યું છે. આ અભિયાન હેઠળ, બદ્રીનાથની નજીક રહેતાં મુસ્લિમોને કહેવામાં આવી રહ્યું હતું કે જો તેઓ ત્યાં રહેવા માંગતા હોય, તો તેમણે ગૌમૂત્ર અને ગંગાજળ પીવું પડશે. આ સાચું છે કે નહીં તેની તપાસ કર્યા વિના, લતીફ ગુસ્સે ભરાયા હતા. તેમણે કહ્યું કે ઉત્તરાખંડ રક્ષા દળ અભિયાન સાથે સંકળાયેલાં લોકો અભણ હતાં અને તેમની પાસે ઐતિહાસિક જ્ઞાનનો અભાવ હતો. બદ્રીનાથ એક મુસ્લિમ તીર્થસ્થાન છે. કોઈના નામમાં નાથ ઉમેરવાથી તે હિન્દુઓની માલિકીનું

નથી બની જતું. તેમણે માંગણી કરી કે હતી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તરાખંડના મુખ્ય મંત્રી બદ્રીનાથ મુસ્લિમોને સોંપી દે. હરિદ્વારના પંચાયતી ઉદાસીન અખાડાના મહામંડલેશ્વર કપિલ મુનિએ મૌલાના અબ્દુલ લતીફને જવાબ આપ્યો કે બદ્રીનાથ ધામ એ સમયનું છે, જ્યારે ઇસ્લામ ભૂતકાળની વાત પણ નહોતો. શ્રી બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિ (BKTC) એ મંગળવારે જણાવ્યું હતું કે તેના અધિકારક્ષેત્ર હેઠળનાં ૪૭ મુખ્ય મંદિરોમાં બિનહિંદુઓના પ્રવેશ અંગેના પ્રસ્તાવમાં જૈન, શીખ અને બૌદ્ધોને મુક્તિ આપવામાં આવશે અને તે ફક્ત મુસ્લિમો અને ખ્રિસ્તીઓને જ લાગુ પડશે. બીકેટીસીના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ હિન્દુની વ્યાખ્યામાં શીખ, જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ સામેલ છે. તેથી, આ પ્રતિબંધ ફક્ત મુસ્લિમો અને ખ્રિસ્તીઓને જ લાગુ પડશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ દરખાસ્ત જાન્યુઆરીના અંતમાં અથવા ફેબ્રુઆરીની શરૂઆતમાં યોજાનારી બોર્ડ મીટિંગમાં મંજૂરી માટે મૂકવામાં આવશે.

ઉત્તરાખંડ હાઇકોર્ટના વરિષ્ઠ વકીલ કાર્તિકેય ગુપ્તાએ જણાવ્યું હતું કે આવા કોઈ પણ પ્રતિબંધને કોઈ બંધારણીય સમર્થન નથી. બંધારણમાં કલમ ૧૯ એકમાત્ર એવી જોગવાઈ છે જે હિલચાલની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકવાની મંજૂરી આપે છે. કલમ ૧૯ હિલચાલની સ્વતંત્રતા આપે છે, તે બે શરતો નક્કી કરે છે. પ્રથમ, જ્યારે સરકાર સામાન્ય જાહેર હિતનું રક્ષણ કરતો કાયદો બનાવે છે. બીજું, જ્યારે તેમાં અનુસૂચિત જનજાતિનાં હિતોનું રક્ષણ કરવાનો સમાવેશ થાય છે. આ બે સિવાય ભારતમાં કોઈ ત્રીજું કારણ નથી જેના આધારે દેશનાં નાગરિકોની હિલચાલની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકી શકાય. વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક એસએમએ કાઝમી કહે છે કે આગામી અગિયાર મહિનામાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને હરિદ્વાર અને ચારધામ ક્ષેત્ર સાથે સંબંધિત આ મુદ્દાઓ સીધા રાજકીય રીતે પ્રેરિત છે.

૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણી પહેલાં મુસ્લિમો પહાડીઓ તરફ સ્થળાંતર કરી રહ્યા હોવાનો ભય હતો. રાષ્ટ્રીય નેતાઓથી લઈને સ્થાનિક નેતાઓ સુધી આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો અને રાજકીય લાભ લેવામાં આવ્યો હતો. આ જ ક્રમમાં જેહાદ સંબંધિત વિવિધ કથાઓ બનાવવામાં આવી હતી અને હવે હરિદ્વાર અને ચાર ધામ મંદિરોનો મુદ્દો મોખરે છે. તેમનું કહેવું છે કે કેટલાંક મુસ્લિમો યાત્રાળુઓને ઘોડા કે ખચ્ચર પર બેસાડીને કેદારનાથ જેવા દૂરનાં સ્થળોએ લઈ જાય છે અથવા ટેક્સી ડ્રાઇવર તરીકે કામ કરે છે. તેઓ યાત્રાળુઓને આ મંદિરોમાં લઈ જાય છે. જો પ્રતિબંધ લાગુ કરવામાં આવે તો તે ફક્ત ધાર્મિક માન્યતાઓ જ નહીં, પણ આજીવિકા અને સામાજિક સંબંધોને પણ અસર કરી શકે છે. ઉત્તરાખંડ કોંગ્રેસના પ્રમુખ ગણેશ ગોડિયાલે આ સમગ્ર કવાયતને રાજ્યના મૂળભૂત અને સળગતા મુદ્દાઓ પરથી જનતાનું ધ્યાન ભટકાવવા માટે એક રાજકીય કાવતરું ગણાવ્યું છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે ઉત્તરાખંડમાં ગામડાંઓ ખાલી થઈ રહ્યાં છે, મોટા પાયે સ્થળાંતર ચાલુ છે, બેરોજગારી ચરમસીમાએ છે, મહિલાઓ અસુરક્ષા અનુભવી રહી છે, જંગલી પ્રાણીઓનો આતંક વધી રહ્યો છે અને ભરતી કૌભાંડોના સમાચાર સતત પ્રકાશમાં આવી રહ્યા છે, તો પછી આ મુદ્દાઓનો જવાબ આપવાને બદલે સરકાર દર વખતની જેમ સમાજને વિભાજીત કરવાની રાજનીતિ કેમ કરી રહી છે. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો કે ઉત્તરાખંડમાં સત્તાના ટોચ પર બેઠેલાં ઘણાં લોકો, જેમાં બંધારણીય હોદ્દા અને વહીવટી અધિકારીઓનો સમાવેશ થાય છે, તે બિનહિંદુ છે. તો શું આ કથિત નિર્દેશો તેમના પર પણ લાગુ પડશે? સીપીઆઈ(એમએલ) ના રાજ્ય સચિવ ઇન્દ્રેશ મૈખુરીએ જણાવ્યું હતું કે આ ધાર્મિક સ્થળો સેંકડો વર્ષોથી અસ્તિત્વમાં છે અને ઇતિહાસમાં આવા પ્રતિબંધો ક્યારેય જરૂરી નહોતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કેટલાંક મુસ્લિમો યાત્રાળુઓને ઘોડા કે ખચ્ચર પર બેસાડીને કેદારનાથ જેવા દૂરનાં સ્થળોએ લઈ જાય છે અથવા ટેક્સી ડ્રાઇવર તરીકે કામ કરે છે. તેઓ યાત્રાળુઓને આ મંદિરોમાં લઈ જાય છે

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

એપીએમસી ડુંભાલ શાખા : કિશ્ન મોટર્સ નજીક, પુણા–કુંભારીયા રોડ, ડુંભાલ, સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧–૨૩૩૩૫૭૭
E-mail : dumsur@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે)
[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૨૯.૦૩.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / ગીરવેદાર **શ્રીમતી પ્રીતીદેવી પંકજકુમાર સિંહ (દેવાદાર) અને શ્રી ધનરાજભાઈ ઉચિત સિંહ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૫,૧૨,૨૭૭/– (અંકે રૂા.પંદર લાખ બાર હજાર બસો સીત્તોતેર પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર / ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ધારા ૨૦૦૨ હેઠળ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૧ લી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૫,૧૨,૨૭૭/–** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત દારુણ રેસીડન્સી રહેણાંક નો પ્લોટ નં. ૫૭, (ગામ ફૉમ નં. ૭/૧૨ બ્લોક નં. ૬૭/૫૭) માપ ૪૦.૧૮ ચો. મી વણલહેચાયેલા હિસ્સા નુ માપ ૧૩.૨૫ ચો.મી. રોડ, રસ્તા અને સીઓપી સહિત આ રેસીડન્સી નો રેવન્યુ સર્વે નં. ૨૦ તેનો બ્લોક નં. ૨૬ માપ ૩૨૦૭૨ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૫૯ તેનો બ્લોક નં. ૬૭, માપ ૫૧૯૦૧ ચો.મી અને રેવન્યુ સર્વે નં. ૬૬, તેનો બ્લોક નં. ૨૦૦ માપ ૧૫૩૭૮ ચો.મીટર કુલ માપ ૯૯૩૫૧ ચો.મીટર ગામ દારુણ, સબડિસ્ટ્રીક–પલસાણા,ડિસ્ટ્રીકટ સુરત,ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ** : પ્લોટ નં. ૫૮, **પશ્ચિમ** : પ્લોટ નં.–૫૬,**ઉત્તર** :રોડ, **દક્ષિણ** :પ્લોટ નં.–૮૪

તા. ૦૧.૦૨.૨૦૨૬ । સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, એપીએમસી ડુંભાલ શાખા, સુરત**

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

આશાનગર શાખા : જશ આર્કેડ, કિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત–૩૯૬૪૪૫, ફોન નં. ૬૩૫૨૫૫૩૪૭૧
email : vjnavs@bankofbaroda.com

પરિશિષ્ટિ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (રૂલ્સ ૮) સાથે વંચાણે લઈ **તા.૧૦.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી દિપીકાબહેન જયકુમાર ગાંધી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૦૮,૩૨૦.૫૭ (અંકે રૂા. તેર લાખ આઠ હજાર ત્રણસો વીસ અને સત્તાવન પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫** ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ ના રોજ થી વ્યાજ સહિત) અને તેના ઉપરના વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૨લી ફેબ્રુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૩,૦૮,૩૨૦.૫૭ (અંકે રૂા. તેર લાખ આઠ હજાર ત્રણસો વીસ અને સત્તાવન પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫** ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ ના રોજ થી વ્યાજ સહિત) વધારાનું વ્યાજ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રેવન્યુ સર્વે નં.૩૨૧/૧/૧ એકીકરણ પછી નવો સર્વે નં. ૭ જમીન કુલ માપ ૪૦૭૦.૪૭ ચો.મીટર માં ડેવલ્પ થયેલ 'પનેશા' વિંગ 'એ', 'બી' અને 'સી' પૈકી– સી–૧, વિંગ 'સી' ના ૪થા માળ નો ફલેટ નં. સી–૧/૪૧૨ ફલેટ ના બાંધકામ નું માપ ૫૫.૭૬ ચો.મી, સુપર બિલ્ટઅપ એરીયા, બિલ્ટઅપ એરીયા માપ ૩૮.૪૭ ચો.મીટર અને કારપેટ એરીયા માપ ૩૩.૪૬ ચો.મી, મ્યુનીશીપલ ઘર નં. ૨૩૪૯/૮૭, વોર્ડ નં. ૬ વણલહેચાયેલ હિસ્સા, વીજલપોર, તા. નવસારી સીટી, જી. નવસારી ખાતે શ્રીમતી દિપીકાબહેન જયકુમાર ગાંધી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વે** : સંલગ્ન ફલેટ નં. સી–૧/૪૧૧, **પશ્ચિમે** : સંલગ્ન ફલેટ નં. સી–૧/૪૧૩ , **ઉત્તરે** : પેસેજ, **દક્ષિણે** : ૧૫.૦૦ ફુટ સોસાયટી રોડ આવેલ છે.

તા.૦૨.૦૨.૨૦૨૬ । સ્થળ : નવસારી — **ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા આશા નગર શાખા**

ઉમરગામ નગરપાલિકા
જાહેર નિવિદા

**ઉમરગામ નગરપાલિકા, જિ.વલસાડ દ્વારા રસ ધરાવતા ઈજારદારો કે સંસ્થા પાસેથી નીચે જણાવ